# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **વિધાનસભાની બે બેઠકોની પેટાચૂંટણીમાં કડીમાં 18 અને વિસાવદરમાં 31 ફોર્મ ભરાયા. આજે ઉમેદવારી પત્રોની ચકાસણી.**
2. **રાજ્યમાં કોવિડ-19ના 397 નોંધાયેલા કેસમાંથી 375 દર્દીઓ હોમ આઇસોલેશનમાં- 22 દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાઇ.**
3. **પરીક્ષા કેન્દ્રો અને જરૂરી માળખાગત સુવિધાઓની વ્યવસ્થા કરવા માટે NEET-PGની પંદરમી જૂને યોજાનારી પરીક્ષા મોકૂફ.**
4. **આજે અમદાવાદ સહિત રાજ્યના કેટલાંક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા**
5. **અમદાવાદમાં આજે IPLની ફાઇનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને પંજાબ કિંગ્સ વચ્ચે રસાકસીભર્યો મુકાબલો..**
6. **ટીન ટીન ટોકરી વગાડતી જાય, સાયકલ મારી સરરર જાય - એવી અત્યંત લોકપ્રિય એવી સાયકલ દિવસની આજે ઉજવણી**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# BY ELECTION

રાજ્યની વિધાનસભાની ખાલી પડેલી કડી અને વિસાવદરની બે બેઠકો માટે 19મી જૂને મતદાન છે. જ્યારે 23 જૂને મતગણતરી હાથ ધરાશે. આ બંને બેઠકો માટે ગઇકાલે ઉમેદવારી પત્ર ભરવાના છેલ્લા દિવસે કડીમાં 18 અને વિસાવદરમાં 31 ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. આજે ભરાયેલા ફોર્મની ચકાસણી હાથ ધરાશે.. જ્યારે પાંચમી જૂન ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ છે..

વિસાવદર વિધાનસભા બેઠક પરથી ભૂપત ભાયાણીનું રાજીનામું અને કડી બેઠક પર કરસન સોલંકીનું અવસાન થતાં બંને બેઠકો ખાલી પડી હતી.

---

# GRAM PANCHAYAT ELECTION

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જાહેરાત કરવામા આવી છે. 22 જૂને યોજાનારી આ ચૂંટણી માટેનું ગઇકાલે જાહેરનામુ પ્રસિધ્ધ થયા બાદ ઉમેદવારી કરવાનો આરંભ થઇ ગયો છે. ત્યારે જે જિલ્લાઓમાં આ ચૂંટણી યોજનારી છે ત્યાં તૈયારીઓ શરૂ કરી દેવાઇ છે..

પાટણ જિલ્લામાં 310 ગ્રામ પંચાયતોમાં સામાન્ય, મધ્યસત્ર અને વિભાજનવાળી તેમજ 70 ગ્રામ પંચાયતમાં પેટા ચૂંટણી મળી કુલ 380 ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાનાર છે. જે અંતર્ગત તારીખ 9 જૂન સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. 10 જૂનના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે જ્યારે 11 જૂન ઉમેદવારી પત્રો પરત ખેંચવાની છેલ્લી તારીખ છે. 22 જૂને મતદાન અને 25 જૂને પરિણામ જાહેર થશે

બનાસકાંઠા જિલ્લામાં આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીઓને લઈને ચૂંટણી અધિકારી મિહિર અધ્યક્ષતામાં કલેકટર કચેરી પાલનપુર ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર મિહિર પટેલએ સબંધિત અધિકારીઓને ગ્રામ પંચાયતની ચૂંટણી ન્યાયસંગત,

શાંતિપૂર્ણ અને પારદર્શક રીતે યોજાય એ માટે પૂરતી તૈયારીઓ કરવા અને ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી આયોજન કરવા સૂચના આપી હતી તમામ નોડલ અધિકારી અને પ્રાંત અધિકારીઓને આચાર સંહિતાનું ચુસ્ત પાલન કરાવવા તથા ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કામગીરીનું યોગ્ય સંકલન અને સુપરવિઝન માટે જરૂરી સૂચનો કર્યા હતા.

---

# RNU BHUJ NEW INITIATIVE

કચ્છીઓની માગ અને 'કચ્છી' ભાષાના વ્યાપને ધ્યાનમાં રાખીને આકાશવાણી ભુજના સમાચાર વિભાગ દ્વારા એક નવી પહેલરૂપે આજથી કચ્છી ભાષામાં "કચ્છ જા વાવડ" નામનો નવો સાપ્તાહિક કાર્યક્રમ શરૂ થઇ રહ્યો છે. દર મંગળવારે સાંજે ૫:૪૫ વાગ્યે પ્રસારિત થનારા આ કાર્યક્રમમાં સપ્તાહભરના કચ્છના મહત્વના સમાચાર કચ્છી ભાષામાં રજૂ કરાશે.

આ અંગે RNU ભુજના વડા ડૉ. ચિરાગ ભોરણીયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, દેશના આ મહત્વપૂર્ણ સરહદી જિલ્લાની વિશાળતા અને વિશિષ્ટ પરંપરાગત ઓળખને ધ્યાનમાં રાખીને , આ કાર્યક્રમ કચ્છની સમૃદ્ધ સંસ્કૃતિ , કલા અને ઇતિહાસને પ્રદર્શિત કરશે, તેમજ કચ્છી ભાષાને પ્રોત્સાહન આપશે.

## (વોઈચ કાસ્ટ – ડૉ.ચિરાગ ભોરણિયા)

જયારે, આકાશવાણી ભુજના કાર્યક્રમ વિભાગના વડા જયેશ રાવલે આ કચ્છી કાર્યક્રમને આકાશવાણી ભુજની યશકલગીમાં વધુ એક પીંછા સમાન ગણાવ્યું હતું.

---

# COVID-19 CASES

ગઈકાલે રાજ્યમાં કોરોનાના નવા 95 પોઝિટિવ કેસ નોંધાયા છે. ત્યારે રાજ્યમાં કોવિડ-19ના અત્યાર સુધીમાં કુલ 397 કેસ નોંધાયા છે. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર 22 દર્દીઓ અલગ અલગ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે.. જ્યારે 375 દર્દીઓ હોમ આઇશોલેશનમાં છે. સારવાર બાદ સાજા થઇ ગયેલા 36 દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

શરદી ખાંસી કે તાવ જેવા લક્ષણો જણાય તો નાગરિકોને તબીબી સારવાર લેવાની સલાહ આપવામાં આવી છે.. રાજ્ય સરકારે લોકોને તકેદારી રાખવા અપીલ કરી છે..

---

# NEET PG - POSTPONED

રાષ્ટ્રીય તબીબી વિજ્ઞાન પરીક્ષા બોર્ડ - NBEMS એ રાષ્ટ્રીય પાત્રતા પ્રવેશ પરીક્ષા-NEET-PG 2025 મોકૂફ રાખી છે , જે અગાઉ આ મહિનાની 15મી તારીખે યોજાવાની હતી.

સર્વોચ્ચ અદાલતના આદેશનું પાલન કરીને , NBEMS એ NEET-PG 2025 એક જ શિફ્ટમાં લેવાનો નિર્ણય લીધો છે. બોર્ડે જણાવ્યું છે કે વધુ પરીક્ષા કેન્દ્રો અને જરૂરી માળખાગત સુવિધાઓની વ્યવસ્થા કરવા માટે પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. NEET-PGના પરીક્ષાની નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરાશે.

---

# FARMACY ADMISSION GUIDELINES

રાજ્યના ડિપ્લોમા-ડિગ્રી ફાર્મસી કોર્ષમાં એડમિશન લેતા વિદ્યાર્થીઓની છેતરાય નહીં તેમજ તેમનું શોષણ અટકાવવાના હેતુસર ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ દ્વારા કેટલાક સૂચનો-માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. ગુજરાત ફાર્મસી કાઉન્સિલ અધિનિયમ, ૧૯૪૮ની જોગવાઈ મુજબ ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓએ માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અથવા મેથેમેટિક્સના વિષયો સાથે પાસ કરેલી હોવી જોઈએ.

જે વિદ્યાર્થીઓએ માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી ધોરણ-૧૨ પાસ કરેલ હોય તેને જ ફાર્મસી કોલેજમાં પ્રવેશ મળી શકશે. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓએ અમાન્ય બોર્ડમાંથી ધોરણ-૧૨ પાસ કરી ફાર્મસીમાં એડમિશન મેળવેલ હશે તો તેવા વિદ્યાર્થીઓ ફાર્મસીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ દ્વારા રજિસ્ટ્રેશનને પાત્ર ગણાશે નહી.

---

# ADMISSION PROCESS

પાટણ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન આરટીઇ અંતર્ગત કુલ 1019 બેઠકો પૈકી ખાલી રહેલી 63 બેઠકો પર પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે આરટીઇ પ્રવેશ કાર્યવાહી અંતર્ગત 1091 ઉપલબ્ધ બેઠકો પૈકી પ્રથમ રાઉન્ડમાં 894 અને બીજા રાઉન્ડમાં 62 વિદ્યાર્થીઓએ

પ્રવેશ લીધો છે . બાકી રહેલી 63 બેઠકો પર ત્રીજા રાઉન્ડ દરમિયાન પ્રવેશ ફાળવવાની કાર્યવાહી થશે . ત્રીજા રાઉન્ડમાં 4 જૂન સુધી વાલીઓ શાળાની પુનઃ પસંદગી કરી શકશે. જે વિદ્યાર્થીઓને પ્રથમ બે રાઉન્ડની પ્રવેશ કાર્યવાહીમાં પ્રવેશ ફાળવાયો નથી તેવા વિદ્યાર્થીઓ જ ત્રીજા રાઉન્ડમાં ભાગ લઈ શકશે.

---

## WEATHER

આજે અમદાવાદ સહિત રાજ્યના કેટલાંક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.. હવામાન વિભાગ દ્વારા અપાયેલી આવેલી અનુસાર પવનની દિશા દક્ષિણ પશ્ચિમી છે. ચોમાસુ ધીમે ધીમે દક્ષિણ ભારતથી ઉત્તર તરફ આગળ વધી રહ્યું છે.

અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં પવનની ઝડપ 30 થી 40 કિલોમીટર રહેશે. આકાશ વાદળછાયું રહેશે તેમ જ વીજળી સાથે છૂટા છવાયા સ્થળોએ સામાન્ય વરસાદ અને વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. આગામી આઠ જૂન સુધી રાજ્યમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ પૂર્વ અને પૂર્વી દક્ષિણ સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં છૂટા છવાયા વરસાદની શક્યતા પણ હોવાનું હવામાન વિભાગના વડા એ કે દાસે જણાવ્યું હતું..

**બાઇટ – ડૉ.એ.કે.દાસ, હવામાન વિભાગના વડા**

---

## IPL FINAL

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે ઇન્ડિયન પ્રીમિયર લીગ ટી-20 ક્રિકેટ-IPLની ફાઇનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને પંજાબ કિંગ્સ વચ્ચે ખિતાબી મુકાબલો રમાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. રજત પાટીદારની આગેવાની હેઠળની RCBએ ક્વોલિફાયર-1 માં આઠ વિકેટથી હરાવીને ફાઇનલમાં સીધો પ્રવેશ મેળવ્યો હતો. જોકે , પંજાબ કિંગ્સે ક્વોલિફાયર બેમાં મુંબઈ ઇન્ડિયન્સને હરાવી ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો.

IPLનો સમાપન સમારોહ 'ઓપરેશન સિંદૂર'ની થીમ પર યોજાશે. જેમાં ગાયક શંકર મહાદેવન દેશભક્તિ ગીતો રજૂ કરશે. આ સમારોહમાં સેનાની ત્રણેય પાંખના વડા ઉપસ્થિત રહેશે.

---

# WORLD BICYCLE DAY

આજે વિશ્વ સાઇકલ દિવસ છે. સાઇકલ ચલાવવાથી થતાં સંખ્યાબંધ આરોગ્ય લાભો અંગે જાગૃતિ ફેલાવવા દર વર્ષે 3 જૂનનાં રોજ વિશ્વ સાઇકલ દિવસની ઉજવણી કરવામાં આવે છે. સાંભળીએ એક અહેવાલ:

## (વોઈચ કાસ્ટ : યશ્વી મહેતા)

બાળપણમાં લીધેલી પહેલી સાયકલ અને તેને ચલાવતા શીખવું એ આપણા બધા માટે એક અવિસ્મરણીય યાદ છે. સાયકલ ચલાવવી એ આરોગ્ય માટે લાભદાયક હોવાની સાથે સાથે વાહનોમાં વપરાતા બળતણનો વપરાશ ઘટાડીને પર્યાવરણને થતા નુકસાનને ઘટાડે છે. 2018 માં સંયુક્ત રાષ્ટ્રએ સાયકલને પરિવહન માટેનાં સરળ, કિફાયતી અને પર્યાવરણલક્ષી માધ્યમ તરીકે પ્રોત્સાહિત

કરવા ત્રણ જૂનને વિશ્વ સાઇકલ દિવસ તરીકે જાહેર કર્યો હતો. કેન્દ્ર સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા 'ફિટ ઇન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ' રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં અત્યાર સુધીમાં ૪,૬૦૦ જેટલા સ્થળોએ લગભગ ૨ લાખ સાયકલ પ્રેમી નાગરિકો સહભાગી થયા છે.

યશ્વી મહેતા, સમાચાર વિભાગ, આકાશવાણી અમદાવાદ

---